વાર્ષિક લવાજમ રૂ. ૨૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૧ : અંક-૪ * આદ્યતંત્રી : જયન્તિકા જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * ફેબ્રુઆરી ૨૨, ૨૦૧૨

# વીમોસેવા દેશમાં પ્રથમ

'સેવા'ની શ્રમજીવી બહેનો માટે કામની સુરક્ષા સાથે સામાજિક સુરક્ષા પણ એટલી જ અનિવાર્ય છે. શ્રમજીવી બહેનો સાથેની આટલી લાંબી સફરમાં એક વાત તો સમજાઈ જ ગઈ છે કે, બહેનો માટે તેમની સુરક્ષા, બાળકોની સુરક્ષા, પરિવારની સુરક્ષા, કામની સુરક્ષા, મિલકતોની સુરક્ષા હોય તો જ તેનું જીવનધોરણ ઊંચું આવી શકે છે અને ગરીબીના બોજથી બહાર નીકળી શકે છે. વીમોસેવા આ જ ધ્યેયને પહોંચી વળવા સામાજિક સુરક્ષાના નેજા હેઠળ બહેનોને વિવિધ પ્રકારના વીમા દ્વારા સુરક્ષાનું કવચ પહોંચાડે છે.

વર્ષના આરંભે બહેનોના અને તેમના પરિવારના જીવનધોરણને સક્ષમ અને સશક્ત સુરક્ષાકવચ પૂરું પાડવા વીમોસેવા વધુ એક કદમ આગળ વધ્યું છે. **૭૩ વર્ષ જૂની લાર્સન એન્ડ ટુબ્રો કંપની સાથે માઇક્રોઈન્સ્યોરન્સના પ્રથમ એજન્ટ તરીકે વીમોસેવાએ જોડાણ કર્યું છે.** આ વિશે વધુ માહિતી આપતાં શ્રી મિરાઈબહેને જણાવ્યું કે, 'બહેનો માટે કામની સુરક્ષા અને સામાજિક સુરક્ષા એ એક સિક્કાની બે બાજુ છે. શ્રમજીવી બહેનોના જીવનની સુરક્ષાની વાત કરીએ ત્યારે મોટી વીમા કંપનીઓને તેમની સાથેનું જોડાણ મોટાભાગે વધુ જોખમકારક લાગે છે. કામની અસલામતી, આરોગ્યના પ્રશ્નો, કુદરતી અને માનવસર્જીત આફતોનો સતત ભોગ બનતાં આ શ્રમજીવી બહેનોની સુરક્ષા માટે જોડાવું અઘરું લાગે છે. જો કે હવે માનસિકતા બદલાવા લાગી છે.'

'અમે તો ઘણાં વખતથી કામદાર બહેનો સાથે કામ કરીએ છીએ. અમે તો બહેનો પાસેથી જ શીખીએ છીએ, અને બહેનો સુધી સેવા પહોંચાડવા કટિબદ્ધ છીએ. અમારી બહેનો જ અમારી આગેવાન છે. અમારા વિસ્તારની બહેનો જ સેવા પહોંચાડી રહી છે.

જ્યારે વીમોની વાત આવે ત્યારે વિશ્વાસ, વળતર અને લાંબા સમયની સેવા એ અભિગમ જ મહત્ત્વનો છે. આ કામ અમારાં માટે સરળ એટલા માટે બની જાય છે, કારણ કે વીમો આગેવાન બહેનો સ્થાનિક છે, અંતરિયાળ ગામોની જ છે અને તેમને જ સેવા પહોંચાડે છે. અમારી તાલીમબદ્ધ આગેવાન બહેનો અમારી પ્રતિનિધિ છે.

એલ એન્ડ ટી જેવી ખૂબ જ જૂની અને વિશ્વસનીય કંપની સાથેના અમારા પ્રથમ જોડાણથી અમે ગૌરવ અનુભવીએ છીએ.' વધુમાં ઉમેરતા શ્રી મિરાઇબહેને જણાવ્યું કે, 'અમારી કામદાર બહેનો માટે અમે સસ્તા, યોગ્ય અને સલામત ઇન્સ્યોરન્સ કવર શોધતાં હોઈએ છીએ, જે અમારી બહેનોને આર્થિક સલામતી પૂરી પાડે. આ હેતુને બર કરી શકે તેવી ઇનોવેટીવ પ્રોડક્ટ અમને એલ એન્ડ ટી દ્વારા વિકસાવેલી જોવા મળી છે. અમને વિશ્વાસ છે કે વીમોસેવા અને એલ એન્ડ ટી સાથે મળીને શ્રમજીવી પરિવારોને ગરીબીમાંથી બહાર લાવી સ્વનિર્ભરતા તરફ દોરી જશે.'

વીમો સેવા અને એલ એન્ડ ટી સાથે મળી ગુજરાતની સાથે સાથે રાજસ્થાન, મધ્યપ્રદેશ, દિલ્હી અને બિહારમાં વ્યાપ વધારવા કટિબદ્ધ છે.

આ પ્રસંગે એલ એન્ડ ટી ઇન્સ્યોરન્સના ચેરમેનશ્રી વાય. એમ. દેઓસ્થલીએ જણાવ્યું કે, 'અમે ત્રણ સિદ્ધાંતો પર કામ કરવા વચનબદ્ધ છીએ. ફોકસ સેવા, ગ્રાહક સમજી શકે તેવી સરળ સેવા અને લાંબાગાળાની સેવા. જ્યારે અંતરિયાળ ગામોમાં વીમોસેવા પહોંચાડવાની વાત હોય ત્યારે તે સમજી શકે અને સરળતાથી જોડાઈ શકે તે ખૂબ જ જરૂરી છે. 'સેવા' કામદાર બહેનો સાથે લાંબા સમયથી કાર્ય કરતી ઘણી જ માનવંતી સંસ્થા છે. અમારું આ સંસ્થા સાથેનું જોડાણ અમને ગૌરવ પ્રદાન

## સેવા અકાદમીમાં આવો અને અંગ્રેજી શીખો


### સેવા અકાદમીમાં ચાલતા અંગ્રેજી કલાસના ફાયદા

- પ્રવેશ મેળવવા માંગતી તમામ કિશોરીઓની પ્રવેશ પરીક્ષા લેવામાં આવશે.
- પ્રવેશ પરીક્ષાને અંતે આવેલા પરિણામને આધારે કિશોરીઓને શીખવવામાં આવશે. (૬ સ્તરીય શિક્ષણ)
- ફક્ત બહેનો માટે.
- કમ્પ્યૂટરની સાથે સુસજ્જ રૂમની વ્યવસ્થા.
- કાર્યદક્ષ શિક્ષકો દ્વારા શિક્ષણ.
- ૯૦ કલાકનો સમય. (પ્રતિદિન બે કલાક)
- થીયરી અને પ્રેક્ટિકલ શીખવાડવામાં આવશે.
- ચિત્રો સાથેના પુસ્તક, થીયરી બુક અને પ્રેક્ટિસ વર્કશીટ આપવામાં આવશે.
- ત્રણ મહિનાની ફી માત્ર રૂ. ૫૦૦
- એક મહિનાને અંતે સર્ટિફિકેટ
- એક બૅચમાં ૧૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.
- ઉંમરનો કોઈ બાધ નથી. ૫ થી ૬૫ વર્ષ સુધીની બહેનો શીખી શકે છે.

**સંપર્ક સ્થળ**

# સેવા અકાદમી

ક્રિશ્ના ભુવન, સાકાર-૨ની સામે, હરિહરાનંદ આશ્રમની બાજુમાં, એલિસબ્રીજ, અમદાવાદ- ૬
ફોન નં. ૨૬૫૭૭૧૧૫, ૨૬૫૮૭૦૮૬, ૨૬૫૭૯૩૭૦, ફેક્સ : ૨૬૫૮૭૭૦૮
Email : sewaacdy@icenet.co.in * website : www.sewaacademy.org


કરે છે. અમે આ કાર્ય સાથે કોઈ ટારગેટથી જોડાયા નથી, પરંતુ અમે લોકોના જીવન બદલવા માટે સહભાગી થવા માંગીએ છીએ. આના માટે વીમોસેવા સાથેના જોડાણથી રૂડું શું હોઈ શકે !

એલ ઍન્ડ ટી ઇન્સ્યોરન્સના સી. ઈ. ઓ. - ડિરેક્ટર શ્રી. જોયદીપ રોયે આ પ્રસંગે પોતાનો સૂર વ્યક્ત કરતા જણાવ્યું કે, આજનો દિવસ અમારા માટે ઘણો જ ગૌરવ અપાવનારો છે. અમારી અને વીમોસેવાની ફિલોસૉફી સમાન છે. આ અમારા માટે વેપાર નહીં પણ અમારી શાખ છે. ગ્રામ્ય વિસ્તારોમાં ભારતના વિકાસની વિપુલ તકો રહેલી છે. તેના માટે એક સુયોજિત આયોજન દ્વારા કામ કરી શકાય છે. 'સેવા'ની બહેનો અમારાં આ ધ્યેયને પહોંચી વળશે તેનો અમને દૃઢ વિશ્વાસ છે, અને તેથી જ અમારી પ્રોડક્ટ સામાન્ય માણસને પોસાય તેવી ઓછામાં ઓછા વાર્ષિક રૂ. ૫૦/- થી લઈને રૂ. ૭૩૦/- સુધીની છે.

સુરતમાં પાઈલોટ પ્રોજેક્ટમાં સક્રિય રીતે કાર્ય કરતાં વીમો આગેવાન સંગીતાબહેને પોતાના અનુભવોમાં બહેનો અને તેમના પરિવાર માટે વીમોની મહત્તા સમજાવતાં કહ્યું કે, 'હું ઘણાં સમયથી વીમોસેવા સાથે જોડાયેલી છું. મારાં જેવી ઘણી બહેનોને હું વીમોસેવા સાથે જોડી રહી છું. જ્યારે અણધારી આફતની વચ્ચે વીમો વળતર દ્વારા બહેનોને સહાય મળે છે ત્યારે ખરો આનંદ થાય છે. બહેનોને સમજાવવામાં ઘણી વાર તકલીફ પડે છે, પરંતુ અમે બહેનોને તેમની અને પરિવારની સુરક્ષાની વાત સમજાવીએ જ છીએ, વહેલી કે મોડી બહેનો વીમો દ્વારા તેમની સુરક્ષાનું મહત્ત્વ સમજે જ છે. આ અમારા માટે ખુશીની વાત છે. તેમના ચહેરાનો આનંદ જોઈ અમારી પણ વધુમાં વધુ બહેનોને જોડવાની કટિબદ્ધતા વધે છે.

વીમોસેવાના સી. ઈ.ઓ. શ્રી અરમાનભાઈ ઓઝાએ જણાવ્યું કે, 'વીમોસેવા અમારાં માટે બહેનોના જીવનને સલામતી પૂરી પાડવાની નેમ છે, પછી વાત તેમના આરોગ્યની હોય કે મિલકતના નુકસાનની, કુદરતી આફતની હોય કે કામની, અમે ધીમી ગતિએ પણ મક્કમ રીતે આંગળ વધી રહ્યાં છીએ. અમારી આ મંડળી બહેનો દ્વારા જ ચાલે છે, બહેનો જ તેમના બૉર્ડ મેમ્બર પસંદ કરે છે. નિર્ણયો પણ તેમના જ હોય છે. આ એક અનોખી સેવા છે.'

બહેનોની સ્વનિર્ભરતા, આર્થિક-સામાજિક સલામતી, કામની સુરક્ષા, ગરીબી નિવારણ માટેની કટિબદ્ધતા, જીવનસ્તર ઉંચું લાવવાની ખેવના સાથે વીમોસેવા તેના નવા જોડાણથી વધુ કટિબદ્ધતા સાથે આગળ વધવા મક્કમ છે. આ સાથે એલ એન્ડ ટીના માઇક્રો એજન્ટ બનવાથી વીમા ક્ષેત્રના મુખ્યપ્રવાહમાં વીમોસેવા પ્રવેશ કરે છે.

**લીના.**

❑

# હેલ્થ કેર પુરસ્કાર

આઈ.સી.આઈ.સી.આઈ. લૉમ્બાર્ડ તથા સી.એન.બી.સી. ટી.વી.ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨- ૧૨-૨૦૧૧ના રોજ દિલ્હીમાં ઇન્ડિયા **હેલ્થ કેરનો પુરસ્કાર 'સેવા'**ને તેના આરોગ્ય કાર્યક્રમ દ્વારા શ્રેષ્ઠ પ્રાથમિક આરોગ્ય સારવાર તથા સામુદાયિક સશક્તિકરણ માટે આપવામાં આવ્યો. વિશ્વ આરોગ્ય સંસ્થા દિલ્હીની ભલામણથી પહેલી જ વાર આ પુરસ્કાર લોકસ્વાસ્થ્ય મંડળીનાં પ્રમુખ તથા આરોગ્ય સેવિકા સુભદ્રાબહેન પટેલે આરોગ્ય-કુટુંબ કલ્યાણના રાજ્યમંત્રીશ્રી સુદીપ બંદોપાધ્યાયના હસ્તે પુરસ્કાર સ્વીકાર્યો. વિશ્વ આરોગ્ય સંસ્થા-દિલ્હીના પ્રતિનિધિ ડૉ. નાટા મેનાલ્ડે છેક છેવાડાની વ્યક્તિને આરોગ્ય સેવા મળી રહે તેવી જરૂરિયાતનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે જો જરૂરિયાત મુજબ રોગોના અટકાવ માટેનું આરોગ્ય શિક્ષણ તથા સેવા સ્થાનિક સ્તરે મળે તો માંદગીનું પ્રમાણ ઘણું ઓછું થાય તથા ઘણાની જિંદગી બચી જાય છે.

'સેવા'ની આરોગ્ય ટીમ છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાત, બિહાર, રાજસ્થાન, પશ્ચિમબંગાળના ગામોમાં તથા અમદાવાદ, સુરત, જોધપુર અને દિલ્હી શહેરમાં પ્રાથમિક આરોગ્ય સેવા આપે છે. 'સેવા' દ્વારા ૫૦૦ બહેનોને તાલીમ આપીને પ્રાથમિક સેવાઓ જેમ કે આરોગ્ય શિક્ષણ, રીફરલ સેવા (ગંભીર રોગો હોય તો આગળ નિદાન) સરકારી તથા ખાનગી ડૉક્ટરો, દવાખાના સાથે જોડાણો અને કાર્યક્રમો કરવામાં આવ્યા છે. 'સેવા' પ્રેરિત લોક સ્વાસ્થ્ય મંડળીદ્વારા દવાની દુકાનો ચલાવવામાં આવે છે. જેના દ્વારા આમ જનતાને બજાર કરતાં ઓછા ભાવે દવાઓ-સાધનો પૂરા પાડવામાં આવે છે. આ ઉપરાંત મંડળી દ્વારા આયુર્વેદિક દવાઓનું ઉત્પાદન-વેચાણ પણ કરવામાં આવે છે.

'સેવા'ના આરોગ્ય કાર્યક્રમો દ્વારા ત્રણ લાખ વ્યક્તિઓને વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે બેનો તથા બાળકો સામેલ છે. 'સેવા'ના અભિગમ પ્રમાણે બેનો તથા તેમના કુટુંબો, ગામ, મહોલ્લા જાતે આરોગ્ય માટે જાગૃત થાય અને પોતાનું શરીર સાચવે તો જ તેઓ સ્વસ્થ રહી શકે. માત્ર બહારથી આવેલી સેવાઓ તે ખાનગી કે સરકારી હોય તેના પર નિર્ભર રહીને ગામ-મહોલ્લાના કુટુંબોનું સ્વાસ્થ્ય સુધરશે નહિ. દા. ત. સરકારના આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય સ્તરે જે ગ્રામ્ય આરોગ્ય સ્વચ્છતા સમિતિની રચના કરવામાં આવી છે તેમનો શક્તિવિકાસ સેવા દ્વારા કરવામાં આવે છે. જેથી તેઓ સમિતિના સભ્ય તરીકે તેમની ભૂમિકા તથા ગામમાં સફાઈ, કુપોષિત બાળકોની સંભાળ તથા તેમને પોષક આહાર મળી રહે તે માટે કાર્યરત છે. આ પુરસ્કાર દ્વારા 'આપણું સ્વાસ્થ્ય આપણા હાથમાં' - આ અભિગમને એક ઓળખ મળી છે.

સુભદ્રાબેન પટેલ, અમદાવાદ જિલ્લાના સીમાંત ખેડૂત, આરોગ્ય સેવિકા તથા લોક સ્વાસ્થ્ય મંડળીના પ્રમુખ છે. આરોગ્ય તથા કુટુંબ કલ્યાણના રાજ્યમંત્રી શ્રી સુદીપ બંદોપાધ્યાયે 'સેવા'ના અભિગમને વધુ જાણવામાં રસ દાખવતા 'સેવા'ની ટીમને વધુ ચર્ચા માટે જાન્યુઆરી માસના અંતમાં મળવા જણાવ્યું.

- **મિત્તલ**

❑

# ઘુડખર અને અન્ન સુરક્ષા ?

'સેવા'માં કુલ સભ્યોમાંથી ૨/૩ સભ્યો ખેતી અને ખેતી સંલગ્ન કામો સાથે જોડાયેલાં છે અને તેમાંથી રોજગારી મેળવે છે. આપણી બહેનો બીજાના ખેતરમાં મજૂરી કરે છે અથવા પોતાની ૨-૩ વીઘા જમીન પર ખેતી કરે છે. મોટા ભાગના સભ્યો સુકા ને અર્ધ સુકા વિસ્તારમાં ખેતી કરે છે. બિયારણ, ખેડ, ખાતર અને પાણીના ભાવે ય આસમાનને આંબે, સારું બજાર ના મળે, ભાવની ખબર ના હોય; સરકારી યોજનાઓની પૂરતી માહિતી ના હોય, ધિરાણ જોઈએ તો ય કેટલું બધું વ્યાજ ભરવું પડે. આટલું ઓછું હોય તેમ વન્ય જીવો આવીને ખેતરમાં ઊભા પાકને નુકસાન કરી જાય, રોઝ (નીલગાય), ભુંડ અને વાંદરાના ત્રાસથી ખેડૂતોની ઊંઘ હરામ થઈ ગઈ છે. એક સમય એવો હતો કે બહેનોને ખેતી પોસાતી નહોતી અને ખેતી કરવાનું છોડી રોજગારીની શોધમાં બીજા વિસ્તારમાં સ્થળાંતર કરીને જતાં. ખેતીના પ્રશ્નો માટે બહેનોએ 'સેવા'ને મદદ કરવા વિનંતી કરી. આ પ્રશ્નો ગુજરાતના બધા જ જિલ્લોમાં જ્યાં 'સેવા'નાં સભ્યો છે ત્યાં મહદ અંશે લગભગ સરખા જ હતા. 'સેવા'એ પોતાના બીજા અનુભવોને ધ્યાનમાં લઈ આ પ્રશ્ન એક ચળવળ સ્વરૂપે હલ કરવાની શરૂઆત કરી. ખેતી ઝુંબેશના ભાગરૂપે 'સેવા'એ ગામેગામ બહેનોના ખેડૂમંડળો બનાવી તેમનો ખેતીમાં શક્તિવિકાસ થાય, બહેનો ખેતીની નવી નવી તકનીકો શીખે એવી તાલીમો આપી. આપણાં બહેનો નાનાં અને સીમાંત ખેડૂતો, એમને વળી મુસીબત આવી-ખેતી કરવા માટે પૈસાની અને ઓજારોની. આ વખતે આપણે તેમને ધિરાણની સવલત પૂરી પાડી અને ખેતીના સાધનોની ખેત ઓજાર લાયબ્રેરી શરૂ કરી આપી. આમ જેમ જેમ પ્રશ્નો આવતા ગયા તેમ તેમ ઉપાયો શોધતા ગયા.

તેમ છતાં હજી બહેનોને મોટો પ્રશ્ન વન્ય જીવોના ત્રાસનો સામે આવે છે. આ સમસ્યા ખૂબ જ ગંભીર છે; કેમ કે હવે આ વિસ્તારના ખેડૂતોએ ધાન્ય વર્ગના પાકોનું વાવેતર કરવાનું છોડી દીધું છે. આ સાંભળીને આપણે ખાવાનું તો છોડી દેવાના નથી ને ! વસ્તી યે વધવાનું ઓછું નથી કર્યું તો શું આ બાબત ખાદ્ય અન્નની સમસ્યા નહીં સર્જે ? અત્યારે કઠોળ, શાકભાજી અને ધાન્ય પાકોના ભાવ આસમાનને આંબવા લાગ્યા છે, તો શું આવા પાકોનું વાવેતર ઓછું થાય છે ? તેનો જવાબ છે, હા કેમ કે સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના ખેડૂતોએ

ઘઉં, બાજરી, જુવાર અને કઠોળનું વાવેતર સાવ જ બંધ કર્યું છે અને પોતાના ઘર વપરાશ માટે પણ બજારમાંથી ખરીદે છે. ખેડૂતને બહાર ખરીદવા જવું પડે એનાથી ભૂંડું બીજું શું હોઈ શકે ?

ખાદ્ય અન્નની જટીલ સમસ્યા છે પણ તેનું સંશોધન કરવાવાળું કોઈ નથી. ખેડૂતોએ અચાનક જ આ પાકોનું વાવેતર નથી ઘટાડ્યું, કેટલાય વર્ષોના નુકસાનના અંતે વાવેતર બંધ કર્યું છે. આ વન્ય જીવો તેમના ખેતરમાં ન પ્રવેશે એ માટે ખેતરના સેઢે પાળે ફોરેટ દવા છાંટે છે. આ દવાથી તેઓ રીઢા થઈ ગયા છે અને તેમને કોઈ અસર જ થતી નથી. ખેડૂતો ફટાકડા ફોડે છે, સાડીઓ બાંધે છે અને કેટલાક ખેડૂતો ખેતરમાં રહેવા ચાલ્યા ગયા છે. મોટા ખેડૂતો તો તારની વાડ કરી ઝાટકા મશીન ગોઠવી દે એટલે તેમના ખેતર તરફ આવતાં આ જીવો નાના ખેડૂતોનું ખેતર ખેદાન-મેદાન કરે. એકનજરે આપણને ખેતીનું નુકસાન લાગે પણ આ સિવાય પણ ખેડૂતોને બીજી મુશ્કેલીઓ પણ વેંઢારવી પડે છે. શિયાળામાં કડકડતી ઠંડીમાં રાત્રે ખેતરની ચોકી કરવી મુશ્કેલ પડે છે, નાના ગરીબ માણસો પાસે ઠંડીમાં રક્ષણ કરે એટલાં પૂરતાં કપડાં હોતા નથી. ખેડૂતો જાનના જોખમે ખેતી કરે છે. ચોમાસામાં વરસતા વરસાદમાં ય ચોકીદારી કરવી અઘરી પડે છે. ઘરમાં માંદગી, સારા-માઠા પ્રસંગે સમાજના વ્યવહારો સાચવવા બહાર આવવા જવામાં તકલીફ પડે છે. માબાપ ખેતરમાં રહેતાં હોય અને બાળકો ઘરે રહેતાં હોય તો તેમના ખાવા પીવા, નહાવા ધોવાના ઠેકાણા ના પડે, તેમનાં ભણતરનો પાયો કાચો રહી જાય વળી આઠમા ધોરણથી કૉલેજમાં ભણતાં વિદ્યાર્થીઓને પોતાનાં ખેતરમાં ચોકી પહેરો કરવા જવું પડે છે, તેઓ પરીક્ષામાં નાપાસ થાય છે અને છેવટે ભણવાનું છોડી દે છે. મા બાપ ભણવાનો ખર્ચો ક્યાંથી કાઢે ??? ભણવા માટે જવાન દીકરીઓને ગામમાં ઘરે રેઢી ના મેલાય અને ખેતરમાં રહે તો સ્કૂલ દૂર પડે એટલે ભણવાનું છોડી દેવું પડે. ખેતીની જમીન એકથી વધારે જગ્યાએ ટુકડામાં હોય તો બીજા ખેતરમાં ચોકી કરવા પગારદાર ચોકિયાત રાખવો પડે.

આ મુશ્કેલીના હલ માટે આપણે જાગવાની હવે જરૂર છે. આપણે એક બાજુ ગરીબોને અનાજ વેચીને, રાહતના દરે અનાજ આપીને ખાદ્ય અન્નની સુરક્ષાનાં પ્રયત્નો કરીએ છીએ અને બીજી બાજુ ખેતી જે ખરેખર ઉત્પાદનનો મુખ્ય સ્રોત છે તેને સાચવવાના કોઈ પ્રયત્નો કરતાં નથી. ઘુડખર અને નીલગાય જેવા વન્ય જીવો જંગલ છોડીને ગામ અને ખેતરોના વિસ્તારમાં કેમ આવે છે ? એ વિચાર્યું છે આપણે ? આપણે તેમને રહેવાના જંગલોને કાપીને ફેક્ટરી અને ગગનચુંબી ઇમારતો બનાવીએ છીએ. તેમને રહેવા-ખાવાની જગ્યા ખુલ્લી થઈ જાય તો એ તો ખોરાકની શોધમાં ગામમાં ને ખેતરોમાં આવવાના જ ને !!! ઘુડખર અને નીલગાય જેવા જીવોને સરકારે સંરક્ષણ આપ્યું છે માટે તેમને સાચવવાની અને સામાન્ય જનજીવનને નુકસાન ના પહોંચાડે તેના પગલાં સરકારે ગંભીરતાથી લેવા જોઈએ. સરકાર અને સમાજે સહિયારા પ્રયત્નો કરી જંગલ વિકાસના કામો હાથ ધરી વન્ય જીવોને જંગલ તરફ દોરી જઈ શકે અને આ કામમાં જમીન વિહોણા ગરીબ કુટુંબોને રોકી તેમને રોજગારીની તકો આપી શકાય.

જે ખેડૂતોના ખેતરમાં નુકસાન થાય તેમને નુકસાનનું વળતર મળવું જોઈએ. નાના અને સીમાંત ખેડૂતોને તારની વાડ કરવા અને ઝાટકા મશીન માટે સબસીડી પૂરી પાડવી જોઈએ. ખેડૂતદીઠ તારની વાડ મંજૂર ના થાય તો ગામના ખેતરોની સીમમાં સહિયારી વાડ કરવી જોઈએ, ખેડૂતો આ માટે શ્રમદાન કરવા પણ તૈયાર છે. અભયારણ્યને ફરતી વાડ કરી, વન્ય જીવો તેમાંથી બહાર ના જાય એનું ધ્યાન રાખવું જોઈએ. તેમને પૂરતું ખાવાનું ત્યાં જ મળી રહે એવી સગવડ ગોઠવવી જોઈએ. જો આવી વ્યવસ્થા ગોઠવાય અને ખેડૂતોના ખેતર બચતાં હોય તો તેઓ વન્ય જીવોના ઘાસચારા માટે ફાળો આપવા પણ તૈયાર થાય. ગામમાં ફરતે સીમરક્ષક પાળો થવો જોઈએ, જે વન્ય જીવોને ખેતરમાં આવતાં અટકાવે, જમીનનું ધોવાણ અટકાવે અને જમીનની ખારાશ પણ ઘટાડે. જંગલી ભુંડોએ લોકોને મારી નાંખવાના અને પગ કરડવાના ઘણાં બનાવો છે, આવા સંજોગોમાં નુકસાનના વળતરની જોગવાઈ હોવી જોઈએ.

ખરેખર ફક્ત વન્ય જીવોના અભયારણ ફરતી વાડ કરી તેઓ ત્યાંથી બહાર ના નીકળે એવી જોગવાઈ થાય તો પણ ખેડૂતોની જમીન બચી જાય, ધાન્ય અને કઠોળ વર્ગના પાકોનું વાવેતર ફરી શરૂ થાય. ખાદ્ય અન્નની અછત ના સર્જાય. રાત્રે ચોકી પહેરો કરવાની મહેનત બચી જાય. બાળકોના અભ્યાસ પર માઠી અસર ના પડે અને બીજા કોઈ લાંબા ખર્ચા કે સબસીડીની જોગવાઈ ના કરવી પડે. ખેતી દેશને વિદેશી હુંડિયામણ કમાઈ આપનાર પહેલો વ્યવસાય છે. ધ્યાનમાં રાખીને ખેડૂતોની મુશ્કેલીનો ઉપાય શોધવો જ રહ્યો.

- **અલ્પા**

❑

# પ્રેરણાસ્રોત આરોગ્ય સેવિકા વર્ષાબહેન ઠાકોર

આરોગ્ય સેવાના સેવિકા વર્ષાબહેન ઠાકોર પ્રિન્સ મહિડોલ એવૉર્ડ કોન્ફરન્સમાં બેંગકોક જઈ આવ્યાં. આ સમારંભમાં તે મુખ્ય વક્તા હતા. વિષય હતો 'સાર્વત્રિક આરોગ્ય સેવા'

છેવાડાના નાગરિક સુધી પહોંચે. આ સમારંભમાં ૬૮ દેશોમાંથી આશરે ૮૦૦ જેટલાં પ્રતિનિધિઓ આવ્યાં હતાં. આ કોન્ફરન્સમાં મુખ્ય વક્તા તરીકે વર્ષાબહેને સંબોધન કર્યું. વર્ષાબહેને પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, 'ભારત સરકારે દરેક નાગરિક માટે નિ:શુલ્ક પ્રાથમિક આરોગ્ય સંભાળ અને ખાસ કરીને નિ:શુલ્ક દવાઓ ઉપલબ્ધ કરાવવી જોઈએ. આરોગ્ય સેવા દરેકના ઘર આંગણે સરળતાથી પહોંચવી જોઈએ. આ કાર્ય સ્થાનિક લોકો જ કરી શકે છે, તે માટે સ્થાનિક સ્તરે આરોગ્ય કાર્યકરો તૈયાર કરવા જોઈએ.'

વર્ષાબહેને પોતાના અનુભવો દ્વારા જ પોતાની વાત સરળતાથી રજૂ કરી. દસક્રોઈ તાલુકાના નવાપુરા ગામના રહેવાસી વર્ષાબહેન છેલ્લાં ૧૧ વર્ષથી આરોગ્ય સેવિકા તરીકે કાર્ય કરી રહ્યાં છે. ધોરણ ૭ ભણેલાં વર્ષાબહેન તેમનાં જેવી જ બહેનોને આરોગ્ય સેવાની માહિતી આપે છે, લોકોને દવાઓ પહોંચાડે છે અને આરોગ્ય સેવિકાબહેનોને તૈયાર કરે છે. પ્રથમવાર વિદેશ જવાના પ્રસંગથી વર્ષાબહેન ઘણાં જ ખુશ છે. તે કહે છે, 'અમારા સમાજમાં ઘરમાંથી બહાર પણ નીકળવાનું ચલણ નથી. હું પણ જ્યારે નવી નવી 'સેવા'માં જોડાઈ ત્યારે સમાજવાળા વાતો કરતા હતા, પરંતુ આજે મારા ગામમાં જ પંચાયત અને ગામના લોકોએ મારું સન્માન કર્યું. મને ઘણો જ આનંદ થયો. મારા ગામની બીજી બહેનોને પણ એનું ગૌરવ છે.'

તેમના ગામના ઉપસરપંચશ્રી સોમાજીભાઈ ઠાકોરે તેમને પોતાના ગામનું ગૌરવ ગણ્યું. તેવી જ રીતે તલાટી શ્રી હંસાબહેન પટેલે ૨૦૦૦ની વસતી ધરાવતા નવાપુરા ગામના વર્ષાબહેનને ગામનાં પ્રેરણાસ્ત્રોત ગણાવ્યાં. બેંગકોકમાં વર્ષાબહેને રાત્રિભોજન દરમિયાન પોતાના વિચારો રાજકુમારી મહાચક્રી સિરિનધોમ સમક્ષ રજૂ કર્યા. ઉદ્ઘાટન દરમિયાન રાજકુમારીએ વર્ષાબહેનના જીવનના પ્રસંગોનો ઉલ્લેખ કર્યો અને તેમની પ્રશંસા કરી.

શ્રી મિરાઇબહેન પણ આ પ્રસંગે ઉપસ્થિત હતા. તેમણે આ પ્રસંગને માત્ર સેવા ચળવળ માટે જ મહત્ત્વનો નહીં, પરંતુ સમગ્ર ગુજરાતની બહેનો માટે ગૌરવવંતો ગણાવ્યો. તેમણે વિવિધ દેશોમાંથી આવેલા પ્રતિનિધિઓ સમક્ષ મહિલા કાર્યકરોને નડતાં આરોગ્ય સંભાળ અને વીમા અંગેના અવરોધો વિશે વિસ્તૃત વાત કરી તેમ જ તેમાંથી બહાર આવવા શું શું કરી, શકાય તે વિશે પણ ચર્ચા કરી.

હાલ, આયોજન પંચ દ્વારા વૈશ્વિક આરોગ્ય સંભાળ માટે નિમાયેલા ઉચ્ચ સ્તરીય નિષ્ણાતોના જૂથના ચેરપર્સન ડૉ. શ્રીનાથ રેડ્ડીની સાથે સંયુક્ત રીતે વૈશ્વિક આરોગ્ય સંભાળ અંગે ભારતના મુસદ્દારૂપ પ્લાનને રજૂ કર્યો હતો, જેમાં મિરાઇબહેન પણ એક સભ્ય છે. તે વિશે વિસ્તૃત માહિતી આપતાં શ્રી. મિરાઇબહેને જણાવ્યું કે, ભારત સરકાર આગામી પાંચ વર્ષમાં કુલ જી. ડી. પી.ના ૨.૦૫ ટકા સાર્વજનિક આરોગ્ય માટે ખર્ચવા કટિબદ્ધ છે. રાષ્ટ્રીય આરોગ્ય આયોજન દ્વારા ભારતના દરેક નાગરિકને મફત પ્રાથમિક આરોગ્યની સુવિધા, મફત દવાઓ મળી શકે. આ આયોજન ત્યારે જ સફળ થાય જ્યારે પરિવારનો દરેક સભ્ય આરોગ્ય વિશે સજાગ અને સક્રિય થાય. ગામોમાં ચાલતી આરોગ્ય સમિતિ વધુ સક્રિય થાય જેમાં આરોગ્ય માટેની જાગૃતિ કેળવાય. આ કાર્યક્રમ પ્રમાણે જો સ્થાનિક લોકો જોડાય તો જ સફળતા મળી શકે.

આરોગ્યની સુવિધા વિશે વધુ ઉમેરતાં શ્રી મિરાઈબહેને જણાવ્યું કે, 'આપણાં દેશમાં ડૉક્ટરોની કમી નથી, પરંતુ અંતરિયાળ ગામે કામ કરવાની ખેવના ઓછી જોવા મળે છે.

---

નં. PMAC 2012/6/16 8, ફેબ્રુઆરી, ૨૦૧૨

**શ્રીમતી વર્ષાબેન ઠાકોર,** કારોબારી સભ્ય : નેશનલ ઇન્સ્યોરન્સ વીમોસેવા કો. ઓપરેટીવ લિ. ભારત.

પ્રિય શ્રીમતી ઠાકોર,

તા. ૨૪થી ૨૮ જાન્યુઆરી ૨૦૧૨ના રોજ બેંગકોક-થાઇલેન્ડમાં સેનટારા ગ્રેન્ડ અને બેંગકોક કન્વેન્શન સેન્ટર ખાતે પ્રિન્સ માહિડોલ ઍવૉર્ડ કોન્ફરન્સ - ૨૦૧૨નું યુનિવર્સલ હેલ્થ કવરેજ - સાર્વત્રિક આરોગ્ય સંભાળ તરફ જવા માટે આરોગ્યક્ષેત્રે જરૂરી રોકાણ વિષય ઉપર આયોજન કરવામાં આવેલ તેમાં આપના યોગદાન તથા ટેકા માટે અમે આપનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આ કોન્ફરન્સમાં ૬૮ દેશોમાંથી ૮૦૦થી વધુ પ્રતિનિધિઓ, વિવિધ વિદ્યાશાખાઓ-યુનિવર્સિટી, એમ્બેસી, સંસ્થાઓ, ફાઉન્ડેશન, વિક્સિત- અર્ધવિક્સિત દેશોની સરકારના પ્રતિનિધિઓ, ખાનગી ક્ષેત્ર તથા સંયુક્ત રાષ્ટ્રના પ્રતિનિધિઓ આમ વિવિધ અનુભવો કરાવતા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આપના દ્વારા સભાને જે મુખ્ય સંબોધન કરવામાં આવ્યું તે ખૂબ જ પ્રોત્સાહક હતું અને કોન્ફરન્સમાં ચર્ચાની શરૂઆત માટે તથા હાજર પ્રતિનિધિઓ માટે ઉપયોગી, કિમતી યોગદાન રહ્યું છે.

આ કોન્ફરન્સમાં હાજર પ્રતિનિધિઓના પ્રતિભાવ ખૂબ હકારાત્મક રહેતા તેમણે જણાવ્યું કે કોન્ફરન્સ દ્વારા સાર્વત્રિક આરોગ્ય સંભાળ અંગે ગુણવત્તાસભર ચર્ચા માટે તેઓને તક મળી છે.

આપના વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય ફાળવી પ્રિન્સ માહિડોલ ઍવૉર્ડ કોન્ફરન્સ ૨૦૧૨માં આપના અનુભવોની આપ-લે કરવા બદલ અમે આપના ખૂબ આભારી છીએ અને આશા રાખીએ છીએ કે ભવિષ્યમાં પ્રિન્સ માહિડોલ એવૉર્ડ કોન્ફરન્સ દ્વારા કોઈપણ કાર્યક્રમનું આયોજન થાય તેમાં તમે જોડાશો.

આપના વિશ્વાસુ,

(અંગ્રેજીનો અનુવાદ) **ડૉ. વિચાર્ન પનીચ** (એમ. ડી.)

ચેરમેન : (કૉન્ફરન્સ ઑરેગનાઇઝીંગ કમિટી)

# ચાલો, ચાલો કમ્પ્યૂટર શીખવા... સેવા અકાદમીમાં જઈએ

**સેવા અકાદમીમાં ચાલતા કમ્પ્યૂટર કલાસની વિશેષતાઓ**

- ફક્ત બહેનો દ્વારા ચલાવવામાં આવતા વર્ગો.
- માત્ર ૧૩ થી ૨૩ વર્ષની કિશોરીઓને જ પ્રવેશ મળશે.
- ત્રણ મહિનાના વર્ગ છે. દિવસના ચાર કલાકનું શિક્ષણ.
- ફી માત્ર રૂ. ૨૫૦
- વર્ગોની સાથે અંગ્રેજી વિનામૂલ્યે શીખવવામાં આવશે.
- કમ્પ્યૂટર શીખવા માટે ખાસ લાયકાત(ભણતર)ની જરૂર નથી.
- કમ્પ્યૂટર સાથે જીવનલક્ષી શિક્ષણની પણ તાલીમ અપાશે.
- એ. સી. ટી.ના વ્યવસાયી માર્ગદર્શક દ્વારા કાર્યદક્ષ તાલીમ.
- તાલીમને અંતે એ. સી. ટી.નું સર્ટિફિકેટ આપવામાં આવશે.
- દરેક મહિનાને અંતે અંગ્રેજી અને કમ્પ્યૂટરની પરીક્ષા લેવામાં આવશે.
- આ સાથે વિવિધ તાલીમ જેવી કે આરોગ્યની, બૅન્ક, સ્વબચાવ તેમ જ લેખન તાલીમ વગેરે આપવામાં આવે છે.
- કિશોરીઓને શૈક્ષણિક પ્રવાસ અંતર્ગત અમદાવાદની વિવિધ સંસ્થા જેવી કે સાયન્સ સિટી, એનઆઇડી, કેલિકો મ્યુઝિયમ, પોસ્ટ ઑફિસ, સેવા બૅન્ક, શહેરની માહિતી આપતાં કેન્દ્રોની મુલાકાત કરાવવામાં આવે છે.
- સાંસ્કૃતિક કાર્યક્રમ અને રમતો દ્વારા તેમની આંતર કુનેહનો વિકાસ કરાવવામાં આવે છે.
- દરેક કિશોરીને વ્યક્તિગત કમ્પ્યૂટર પર શિક્ષણ.
- અનુકૂળ ટાઈમટેબલ (અલગ અલગ સમય પર બૅચની વ્યવસ્થા)
- સંદર્ભ પુસ્તિકા

**દિવસ દરમિયાનની બૅચના સમય**

સવારે

૦૮-૩૦ થી ૧૦-૩૦

૧૦-૩૦ થી ૧૨-૩૦

૧૨-૩૦ થી ૦૨-૩૦

૦૨-૩૦ થી ૦૬-૦૦

## સંપર્ક સ્થળ : સેવા અકાદમી

**ક્રિશ્ના ભુવન, સાકાર-૨ની સામે, હરિહરાનંદ આશ્રમની બાજુમાં, એલિસબ્રીજ, અમદાવાદ-૬,**
**ફોન નં. : ૨૬૫૭૭૧૧૫, ૨૬૫૮૭૦૮૬,**
**ફેક્સ : ૨૬૫૮૭૭૦૮**

Email : sewaacdy@icenet.co.in

website : www.sewaacademy.org

આવા સંજોગોમાં અંતરિયાળ સ્તરે જ સ્થાનિક બહેનોને નર્સ તેમજ આરોગ્ય સેવિકા તૈયાર થાય તે માટેની સઘન તાલીમો આપવી જરૂરી છે. આરોગ્ય સેવા આ કામ વર્ષોથી કરે છે. જેને કારણે જ વર્ષાબેન ઠાકોર જેવા બહેનો વિશાળ પાયે આરોગ્ય શિક્ષણનું કામ કરી રહ્યાં છે.

વિશ્વ સ્તરે આરોગ્ય શિક્ષણ અને સાર્વત્રિક આરોગ્ય સેવાની વાત રજૂ કરી શકવાની સક્ષમતા વર્ષાબહેને લીધેલ આરોગ્ય તાલીમો અને શિક્ષણનો જ નિચોડ છે.

- લીના

❑

## વાચકોના પત્રો

અનસૂયાનો જાન્યુઆરી-૨૨, ૨૦૧૧નો અંક મારી સમક્ષ છે. એટલે મેં 'સેવા'નો ૨૦૦૧, જાન્યુઆરી-૨૨નો અંક પણ મારા સંગ્રહમાંથી કાઢ્યો. 'સેવા' ૨૦૦૦ના વર્ષમાં કુલ સભ્ય સંખ્યા ૩,૧૮,૫૨૭ની હતી, ત્યારે પણ તે ભારતમાં મોટામાં મોટું પ્રાથમિક યુનિયન હતું. વર્ષ ૨૦૧૧મા તે સભ્ય સંખ્યા વધીને ૧૩,૪૭,૩૦૫ની થઈ છે. એટલે દશ વર્ષમાં સ્વરોજગારી કરનારી બહેનોનો વિશ્વાસ 'સેવા' સંસ્થામાં ઘણો વધ્યો છે, એ માટે એક નાગરિક તરીકે બહુ જ આનંદ થાય છે. મજામાં હશો.

[અમદાવાદ] **સૂર્યકાન્ત પરીખ**

*

'છેલ્લા એક વર્ષથી હું નિયમિત 'અનસૂયા' વાંચું છું. 'અનસૂયા'માં ખૂબ જ સારી અને ઉપયોગી માહિતી જાણવા મળે છે. 'અનસૂયા' સતત આગળ પ્રગતિ કરે અને સફળતાના શિખરો સર કરે, માહિતીનો અમીરસ અમને સતત પીવડાવે તેવી પ્રાર્થના.

'અનસૂયા' એટલે નીતનવા રંગ સામયિકને સંગ, નવી દીશા, નવી કલમ, નવો વિચાર અધિકૃત માહિતી અને સત્ય સમાચાર. ડિસેમ્બર, ૨૨-૨૦૧૧ના અંકમાં બહેનો બની હિસાબનીશ, (મહિલા હાઉસિંગ ટ્રસ્ટ) MHT-વીજ બચત વિષે જાણવા મળ્યું. આ રીતે સારામાં સારી માહિતીનો રસથાળ પીરસતાં રહેજો.

'એક સ્ત્રી શિક્ષિત બને તો એક ઘર, એક સમાજ અને અંતે એક રાષ્ટ્ર શિક્ષિત બને. સ્ત્રીઓ સમગ્ર વિકાસની પ્રક્રિયાનું કેન્દ્રબિંદુ છે.' **રાઠોડ મંગળભાઈ જેણાભાઈ**

[નવાગામ, તા. મહેમદાવાદ]

*

'આપનું મુખપત્ર 'અનસૂયા' ચીંચણીમાં વાંચી ઘણો જ આનંદ થયો છે. રેશનકાર્ડનો વાર્તાલાપ વાંચ્યો, ઘણો જ ગમ્યો, જો કે આ અંક જૂન ૨૦૧૦નો હતો. ખૂબ જ સારી સેવા આપી રહ્યાં છો Keep it up.'

[મુંબઈ-અંધેરી] **વિનોદ મહેતા**

❑

## સેવા સમાચાર

**હાલો જ્ઞાનમેળે મહાલવા મારી બેનુ**

મેળો શબ્દ યાદ આવે એટલે માત્ર મનોરંજન જ સાંભરે. આજે જ્ઞાનમેળામાં મહાલવાની વાતો કરવાની છે. મનીપુરના પ્રાંગણમાં રંગબેરંગી ફૂલો અને માંડવા જેવા બાંધેલા સ્ટોલ. નવરંગી સાડીઓ અને ડ્રેસમાં સજ્જ બહેનો અને કિશોરીઓથી શોભતા જ્ઞાનમેળાની ઝલક હજુ આંખોમાં વસેલી છે. આશરે ૧૮૦૦ બહેનો અને દીકરીઓ જ્ઞાનમેળામાં મહાલતી જોવા મળી. સેવાઅકાદમી-સાક્ષરતા વિભાગ દ્વારા આ મેળો યોજાયો. દીપ પ્રાગટ્ય અને સ્વાગત ગીત સાથે તમામ બહેનોને મીઠો આવકાર મળ્યો. નમ્રતાબહેને મેળો કરવા પાછળનો આશય જણાવતાં કહ્યું કે સાક્ષરતા વર્ગમાં તો તમે સૌ ભણવા આવો છો પણ આજે જ્ઞાનમેળામાં જ્ઞાન મેળવવાનું છે. ક, ખ, ગ તો શીખીએ જ છીએ પણ જીવનનું જ્ઞાન પણ એટલું જ જરૂરી છે. તમારામાંથી સમયાંતરે આવતી માંગોને પરિણામે કૌશલ્યકેન્દ્રની શરૂઆત થઈ. જે આજે બહેનોને રોજગારી આપતું કેન્દ્ર બની ગયું છે. કૌશલ્ય કેન્દ્રમાં કૌશલ્યસમાં પેચવર્ક, ખાટલીવર્ક, બ્યુટીકેર, સિવણકલાસ, મોતીકામ, ફેબ્રિક પેઈન્ટિંગ વગેરે કામો બહેનો શીખી રહી છે. પરંપરાગત કામો જે માત્ર ભાઈઓ કરતા તે કામ હવે બહેનો શીખી ગઈ છે. જેવા કે સુથારીકામ, વાયરિંગ, પ્લમબિંગ વગેરે કામોની તાલીમો મેળવી બહેનો આગળ વધી રહી છે. નીત નવા જ્ઞાન સાથે રોજેરોજ આગળ વધતી બહેનોની વાતો કરીએ તો ખૂટે તેમ નથી. આ વખતે તો મનોરંજન અને જ્ઞાનવર્ધક પ્રવાસો પણ ઘણા થયા છે. સંકલિત સેવાની ઝુંબેશ આ વર્ષે મુખ્ય રહી.

માહિતીની આપ-લે કરીએ, નવું નવું જાણી શકીએ તેને આપણે મેળો કહીએ. આ જ્ઞાનમેળામાં તો આપણે આખા વર્ષ દરમિયાન જે કામો કર્યાં છે તેની યાદ તાજી કરવાની છે. શું ગમ્યું અને શું ના ગમ્યું તેની થોડી વાતો, આવતા વર્ષે કયું જ્ઞાન અને સંદેશો લઈ જવાનો છે તેની વાત આ મેળામાં સૌએ ભેગાં થઈને રજૂ કરવાની છે. મારી બહેનો, દરેક પાસે જ્ઞાન તો હોય છે જ બસ એ જ જ્ઞાનને આ મેળામાં અજમાવવાનું

**'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis on 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2012-14 Issued by S.S.P. Valid up to 31-12-2014.**

Ahmedabad P.S.O.
22-2-2012

છે. ભરપૂર જ્ઞાનસભર થઈને આગળ આવવાનું છે. આજે તમારા જ્ઞાનમાં ક્યું સારું અને સાચું છે તેની મુલવણી બહેનોએ પોતે જ કરવાની છે.

મેળામાં તો અવનવા સ્ટોલની કતારો હતી. ખુલ્લા મુકાયેલા મેળામાં સ્ટોલ પર તો બહેનો જે ઉમટેલી, જાણે જનમેદનીનો ધસમસતો પ્રવાહ. સાક્ષરતા, મોતીકામ, ફેબ્રિક પેઇન્ટિંગ, આઈ.ટી, વાનગી, આરોગ્ય, સુથારી કામના કે નેચરોપેથીનો સ્ટોલ હોય. બસ જ્યાં જુઓ ત્યાં માત્ર ભીડ ને ભીડ. જ્ઞાન માટેની ઉત્સુકતા દરેકના ચહેરા પર સ્પષ્ટ દેખાતી હતી. કોઈ વાનગીમાં નામ લખાવે તો કોઈ ફેબ્રિક પેઇન્ટિંગમાં રૂમાલ પર રંગ પૂરતા કોઈ નેચરોપેથીના સ્ટોલ પર મૂકેલી રસાયણમુક્ત વસ્તુઓના ભાવ અને તેની જાણકારી લેતા જોવા મળ્યા. કોઈ ભવિષ્યનું આયોજન કરતાં જોવા મળ્યાં. સેવાબૅન્કના સ્ટોલમાં પહોંચીને વિવિધ યોજનાઓ વાંચતા નજરે ચઢે. જ્ઞાનમેળો ખરા અર્થમાં જ્ઞાનની સરવાણી વહાવી રહ્યો હતો. જરા નવાઈ પમાડે તેવો સ્ટોલ એટલે ડાયાબિટીસનો. અરે બહેનો તો તેમાં તપાસ કરાવતાં. તપાસ કરનારા ભાઈએ કહ્યું કે જેટલી બહેનો આવી તે તમામમાં ડાયાબિટીસનું પ્રમાણ મધ્યમ છે. ફિલ્મો પણ જોઈ. જેવી કે સંગઠનથી શક્તિ, અલબેલું અમદાવાદ, એચઆઈવી એઇડ્સ, બાળલગ્ન વગેરે. તમામ ફિલ્મોમાંથી કંઈક શીખીને જતી દીકરીઓ કહેતી કે કંઈક તો શીખીને આજે જઈ રહ્યાં છીએ.

જ્ઞાન માટે સ્વસ્થ રહેવું જરૂરી છે તે પણ શારીરિક અને માનસિક બંને રીતે. તો તે માટે રમતોનું આયોજન કરવામાં આવેલું. લીંબુ ચમચી, દોડ, વાનગી સ્પર્ધા, સંગીત ખુરશી, મેમરી પાવર વગેરે. કોઈ જગ્યાએ સંગીત ખુરશી માટે ખંજરીનો અવાજ, વાનગીમાં રસ દાખવતી બહેનો, સડસડાટ દોડમાં દોડતી બહેનો અને કિશોરીઓ. અમુક બાળકો શાંતિથી ચિત્ર દોરતા. વાતાવરણ જાણે ઉલ્લાસપૂર્ણ. નાસ્તા આરોગતી જોવા મળી. દરેક જ્ઞાનની મસ્તીમાં મસ્ત. કોઈ પુસ્તક ખરીદતા તો કોઈ માહિતી જોતાં-સાંભળતાં દૃશ્યો જોવા મળ્યા. અમુક બહેનો તો સ્વાસ્થ્ય આધારિત માહિતી લેવામાં જ લીન જોવા મળી.

આ વખતના મેળાનું ખાસ આકર્ષણ વિવિધ સ્ટોલો રહ્યા. જેમાં જ્ઞાન આધારિત માહિતી રાખવામાં આવેલી. કૉમ્પ્યૂટર અને વિડિયો ગેમના કારણે લુપ્ત થતી રમતોને પ્રોત્સાહન મળે તેવી રમતો રાખીને તેને જીવંત રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો. સૌથી બધાને રમવા પ્રેરે તેવી વાત એ કે ઇનામ પણ આપવામાં આવેલા. 'હું તો ગઈ તી મેળે...' જેવા ગીત સાથે બહેનાનો લલકાર આજે પણ કાનમાં ગૂંજી રહ્યો છે.

સાણંદ તાલુકાના ચંપાબહેન : અમે તો ભજનમંડળ ચલાવીએ છીએ. એટલે અમારી બધી બહેનો ભગવો રંગ પહેરીને મેળે આવી છે. જે જ્ઞાન આજે આ મેળામાંથી લઈને જઈશું તેને અમારાં પૂરતું સિમીત ન રાખતાં અન્ય લોકોને પણ વહેંચીશું.

બારેજાના આશિયાબાનુ : આજે ઘરેથી પહેલીવાર જ્ઞાન મેળો જોવા આવી છું. વિવિધ સ્ટોલમાં ફર્યાં બાદ ઘણુંબધું જાણવા મળ્યું. ખરા અર્થમાં જ્ઞાન મેળો જોયો તેનો સંતોષ છે.

કિશોરીઓ તો ચિચિયારો પાડતાં કહેતી, મેળામાં મજા આવી. ઇનામ જીતેલી કિશોરીઓ હર્ષનાદ સાથે નાચતી કૂદતી જોવા મળી. આવા મેળા તો અવારનવાર કરવા જોઈએ. ગમ્મત સાથે જ્ઞાન મળે તો તે યાદ રહી જાય છે.

સાંજ ઢળતાં સૌ મેળામાંથી વિદાય લેતા થયા પણ કંઈક મેળવ્યાનો સંતોષ દરેકના ચહેરા પર જોઈ શકાતો હતો.

❑

માલિક : શ્રી મહિલા સેવા અનસૂયા ટ્રસ્ટ વતી તંત્રી-પ્રકાશક-મુદ્રક : નમ્રતા બાલી, સેવા રિસેપ્શન સેન્ટર, ટિળક બાગ સામે, ભદ્ર, અમદાવાદ ૩૮૦ ૦૦૧
મુદ્રણસ્થાન : પ્રિન્ટવૅલ પ્રિન્ટર્સ, બહાઈ સેન્ટર, શાહપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧. (વા. લ. રૂ. ૨૦/-) આદ્યતંત્રી : જયન્તિકા જયન્તભાઈ

# અનસૂયા

22-2-2012

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ 380 001